Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૦૬ · તા. ૦૧ થી ૦૭ ફેબ્રુઆરી ૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## અભિનંદન
## CA કમલેશ શિવજી વિકમશીની વધુ એક આંતરરાષ્ટ્રીય સિદ્ધિ



જ્ઞાતિના પ્રતિભાવંત CA શ્રી કમલેશ શિવજી વિકમશી તાજેતરમાં યુનાઇટેડ ડેવલ્પમેંટ પ્રોગ્રામની ઓડીટ સલાહકાર સમિતિના ચેરમન પદે વરાયા. તેમની મુદત ૧લી જુલાઈ ૨૦૧૪ થી ૩૦ મી જુન ૨૦૧૫ સુધીની રહેશે.

આ સમિતિનું કામ યુનોના પ્રોજેક્ટો માટેના નાણા વપરાશનો જવાબદારી ભર્યો અહેવાલ તૈયાર થાય, નાણા વપરાશ પર આંતરિક નિયત્રણ રહે, આંતરિક રીતે ઓડીટ થતું રહે અને બહારની એજન્સી દ્વારા ઓડીટ થાય ત્યારે સંઘટનના હિસાબો વ્યવસ્થિત જણાય તેનું ધ્યાન રાખવાનું છે.

કમલેશભાઈ આમ તો વર્ષ ૨૦૧૦થી યુનાઈટેડ ડેવલ્પમેંટ પ્રોગ્રામની ઓડીટ સલાહકાર સમિતિના સભ્ય છે.

CA ના વ્યવસાયમાંના વ્યવસાયિકને મળી શકે તેવી સર્વોચ્ચ આંતરરાષ્ટ્રીય જવાબદારી માટે સુપાત્ર પુરવાર થઈ એ પદ મેળવવા બદલ શ્રી કમલેશભાઈને હાર્દિક અભિનંદન

– પ્રકાશ સમીક્ષા પરિવાર















2014




**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 06/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## ટ્રસ્ટીઓ અને મહાજનોના અધિકારીઓ માટે પારદર્શક વહીવટ એ મૂળભુત ફરજ છે.

**- CA ઠાકરસી મેઘજી ગોશર**

જ્ઞાતિના નાના મોટો ટ્રસ્ટો અને મહાજનોના વહીવટકર્તાઓ પોતાના ધંધા વ્યવસાય અને કૌટુંબિક વ્યવહારમાંથી ઘણો મોટો સમય કાઢી પોતપોતાના ટ્રસ્ટ અને મહાજનોની સભાઓ તેમજ તેની પ્રવૃત્તિઓના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહતા હોય છે તે એક પ્રશંસનીય યોગદાન છે. કેટલાક વહીવટકર્તાઓ તો ચાર - પાંચ ટ્રસ્ટોસાથે સંકળાયેલા હોવા છતાં તે દરેક સંસ્થાના વ્યવસ્થિત વહીવટ માટે પ્રમાણિકપણે ચિંતિત રહેતા હોય છે તે પણ અનુમોદનીય છે.

જ્ઞાતિના મોટા ભાગના મહાજનો, એકમો અને ટ્રસ્ટોના ફંડ તથા પ્રવૃત્તિઓનું કાર્યક્ષેત્ર મર્યાદિત સ્વરૂપનું હોય છે. તેથી રાબેતા મુજબના આયોજનો કરવા સિવાય તેના સંચાલકોને વિશેષ કાંઈ કરવાનું હોતું નથી. એટલે તેઓ પોતાની સંસ્થાઓના અંદાજપત્રો જ્ઞાતિ સમક્ષ મુકે કે ન મુકે તેથી કોઈ ખાસ ફરક પડતો નથી. આ પ્રકારના સ્થાનિક કે ક્ષેત્રીય વિસ્તારના જ્ઞાતિજનોને આગામી વર્ષ માટેના પોતાના મહાજનો કે એકમોના આર્થિક માળખાની જાણકારી કે સમજણ રહેતી જ હોય છે અને તે પ્રમાણે તેઓ યોગદાન કરતા હોય છે. અલબત, આવા મહાજનો કે એકમોને કોઈ અન્ય વિશિષ્ટ કે મોટા ફલકની પ્રવૃત્તિ જેમકે યુવામેળા, અતિથિગૃહ જેવા આયોજન કરવા હોય તો તે માટે પોતાના વિસ્તાર કે ગામના જ્ઞાતિજનો સમક્ષ આગોતરી રૂપરેખા રજુ કરી ફંડસ માટે તેમને વિશ્વાસમાં લેવા પડે છે જે સ્વાભાવિક છે.

છેલ્લા ચારેક વર્ષથી મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટના વહીવટ માટે યુવા સંચાલકોએ બાગડોર સંભાળી છે. તેમના ધગશ અને ઉત્સાહ ઘણાજ પ્રંશસનીય છે. તેમની સાથે સેંકડો યુવક - યુવતીઓ સતત સહયોગ આપતા થયા છે તેને લીધે માત્ર મુંબઈમાં જ નહીં પરતું જ્ઞાતિના અન્ય વિસ્તારોની પ્રવૃત્તિઓમાં પણ યુવાશક્તિ ઊભરી આવી છે, જે ભાવિ માટે અતિ હર્ષપ્રેરક અને આશાસ્પદ સંકેતો આપે છે.

આમ છતાં, સામાન્યતઃ આજના યુવા-યુવતીઓ તો ખરાંજ પણ દશ - પંધરા વર્ષનાં બાળકોસુંદ્ધા જે રીતે આપણી સાથે પોતાના વિચારોનું તથા પોતે ઈચ્છતા હોય તેવા રસ - શોખ કે કારકિર્દીની બાબતોનું સ્પષ્ટ, દ્રઢતાપૂર્વક અને નિર્ભયતાથી આદાન - પ્રદાન કરે છે તે જોતાં આ યુવા વહીવટકર્તાઓ ટ્રસ્ટ અને મહાજનના વહીવટમાં જાણે કોઈ માટું રાજકારણ સમાયેલું હોય તે રીતે બંધ બારણે અને ગુપ્ત રીતે કાર્યવાહીઓ કરી રહ્યા છે તે ખૂબજ આશ્ચર્યજનક લાગે છે.

હવે તો તેમનું પોતાનું મુખપત્ર કે અધિકૃત પ્રકાશન શરૂ થયું છે છતાં તેમાં જ્ઞાતિજનોને જે આગત્યના નિર્ણયોથી માહિતગાર કરવાના હોય તેનો તો બિલકુલ ઉલ્લેખ થતો નથી તેથી પણ નવાઈ લાગે છે.

થોડા મહિના પુર્વે હોપ ૧૦૦૦ ની ડોંબિવલીની જમીન માટે નિર્ણય લેવાનો હતો તે સામાન્ય સભાની નોટિસ છપાઈ તેમાંપણ અધુરી વિગતો હતી અને તે નોટીસ છેલ્લી ઘડીએ જ્ઞાતિજનોને વાચવા મળી હતી તે વાત બાજુએ મૂકીએ અને તે સભામાં આ માટે કાયમી સમિતિની નિમણુક કરાઈ હતી તે સર્વથા અયોગ્ય છે તે મુદ્દો પણ બાજુએ મૂકીએ તો પણ આ સભામાં થયેલ કાર્યવાહી અંગે તેમજ તેમાં કાયમી સમિતિના સભ્યોની નિમણુંક કરવા મહાજનના અધિકારીઓને સતા અપાઈ હતી તે પછી આવી સમિતિ નીમાઈ છે કે તેના કોણ કોણ સભ્યો છે તે વિષે હજી સુધી ગુપ્તતા જાળવવામાં આવી છે. હોપ - ૧૦૦૦ના સંચાલકો સાથે તાજેતરમાં એક એમ. ઓ. યુ નું કરારનામું થયું છે તેની માહિતી, નવી મુંબઈમાં મહાજનવાડીના નિર્માણ માટે તે જમીનના દાતા જ્ઞાતિજનો સાથે શી લેખિત સમજુતી થઈ છે તેની જાણકારી તેમજ કાંજુરમાર્ગના અનંતનાથજી કોમ્પલેક્સના ફ્લોટધારકોની કો.ઓપ.સોસાયટીએ જમીનના અમુક ભાગનું કન્વેયન્સ (માલિકી) તેને મળે તે માટે કરેલ કાનુની કારવાહી વિષે ટ્રસ્ટીઓ જે પગલાં લઈ રહ્યા હોય તેની જાણકારી અને આવી મહત્વની અન્ય બાબતો મહાજનના અધિકૃત પ્રકાશનમાં આપવાની ન હોય એ રીતના પ્રત્રકારાત્વને જ્ઞાતિપત્રનું પત્રકારત્વ સમજવાની કે તેને જ પોઝીટીવ (સકારાત્મક) પત્રકારત્વ ગણવાની શિખામણ આ યુવા સંચાલકો આપવા માગતા હોય તો તે જ્ઞાતિજનોને અસ્વિકાર્ય જ રહેશે.

તટસ્થ અને સ્વસ્થ - સંતુલિત તંત્રીલેખો દ્વારા પ્રકાશ - સમીક્ષા જ્ઞાતિ પત્રને સુસંગત પત્રકારત્વની પ્રતિમા જાળવી રહ્યું છે તેનો ઉલ્લેખ એટલા માટે કરવો જરૂરી છે કે જેઓ પોતાને દીર્ઘ દ્રષ્ટા (વીઝનરી) કહેડાવત માગતા હોય કે તેવો દાવો કરતા હોય તેમને પોતાની દ્રષ્ટિનું સંધાન સૌ પ્રથમ જ્ઞાતિજનોની દ્રષ્ટિમાં મેળવવાનું હોય એટલે કે તેમને માહિતગાર કરવાનું હોય અને સાથે સાથે દૂરની ક્ષિતિજો પર દ્રષ્ટિ તાકવાની હોય. તેવી જ રીતે પોતાની પ્રવૃત્તિઓ - આયોજનો - કાર્યવાહી - નિર્ણયો વિષે જે રચનાત્મક ટીકાઓ અને અસહમતીના મંતવ્યો પ્રગટ થતા હોય તે સર્વને નકારાત્મક પત્રકારત્વમાં ઉતારી પાડવાનું ન હોય. એમ કરીએ તો જ્ઞાતિજનોની બુદ્ધિમતાનું અપમાન કર્યું ગણાય.

જે યુવા કાર્યકરો પોતાના આત્મવિશ્વાસમાં અડગ હોય તેમને નિખાલસતા અને ખેલદિલી રાખીને જ્ઞાતિસમક્ષ પોતાના આયોજનોનું સ્પષ્ટ ચિત્ર રજુ કરવામાં શી મુશ્કેલી નડી શકે?

થોડા સમય પહેલાના પ્રકાશ સમીક્ષાના તંત્રીલેખમાં સુચન કરાયું છે તેના સમર્થનમાં આશા રાખીએ કે જ્ઞાતિના સર્વ મુખ્ય ટ્રસ્ટો અને મહાજનોના ટ્રસ્ટીઓ અને અધિકારીઓ પારદર્શકપણે વહીવટ કરવાની તેમની મુળભુત ફરજ રૂપે આગામી વર્ષનાં અંદાજપત્રો જ્ઞાતિ સમક્ષ વહેલી તકે રજુ કરશે.

**હવેથી ગ્લેઝ ન્યુજ પેપર પર પણ ફોર કલર જાહેરાત આપવાની સુવિધા.**

**પ્રકાશ સમિક્ષાના આ અંકથી ગ્લેઝ ન્યુજ પેપર પર ફોર કલર મેટર અને જાહેરાત આપવાનું શરૂ થાય છે. અજમાયશ ધોરણે કલર જાહેરાતો ફુલપેજના રૂ. ૫૦૦૦/- હાફ પેજના રૂ. ૨૬૦૦/- અને ક્વાર્ટર પેજના રૂ. ૧૪૦૦/- ના હિસાબે કલર જાહેરાતો સ્વિકારવામાં આવશે લાભ લેવા વિનંતી.**

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટ બોર્ડની એક સભા

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટ બોર્ડની એક સભા તા. ૨૪.૧.૧૪ શુક્રવારનાં મુલુંડ મુકામે મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ લાપસિયાના પ્રમુખ સ્થાને મળેલ. જેમાં રાયપુર, ભુજ, ગાંધીધામ, સાંગલી, હૈદ્રાબાદ, કોઈમ્બુતુર તેમજ મુંબઈનાં સર્વે મળી ૧૧ ટ્રસ્ટીઓ હાજર હતા. મુખ્ય કાર્યવાહી :

૧. ટ્રસ્ટી શ્રી **સ્વ. હર્ષદભાઈ કાન્તિલાલ લોડાયા** (મોટી ખાવડી) હાલાર વિભાગ અને **સ્વ. શ્રી ચંપક રાયચંદ જીવાણી** (જખૌ) (મુંબઈ વિભાગ)ને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવેલ.

૨. સ્વ. શ્રી ચંપક રાયચંદ જીવાણીના ખાલી થયેલ ટ્રસ્ટી પદે મુંબઈ વિભાગના **શ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપરગઢ)ની** સર્વાનુમતે વરણી થઈ.

૩. **શ્રી સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિનું આગામી અખિલ ભારતીય સમ્મેલન** શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ - રાયપુર મહાજનના આંગણે તા. ૨૬.૨૭ અને ૨૮ ડિસેમ્બર ૨૦૧૪ના યોજવાનું સર્વાનુમતે નક્કી થયેલ. જેનું આયોજન શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન સંઘના નેજા હેઠળ થશે. શ્રી રાયપુર મહાજન વતી, શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, સૌ આમંત્રિત મહેમાન શ્રી શશિકાન્ત વેલજી શાહ અને શ્રી ધવલ યોગેશ દંડ ખાસ પધારેલ.

૪. રાયપુર તેમજ તેની આસપાસના સ્થળોનું અવલોકન કરી સમ્મેલનના આયોજન માટે સુયોગ્ય સ્થાન નક્કી કરવા આગામી ટ્રસ્ટ બોર્ડની સભા તા. ૧લી કે ૨જી માર્ચ ૨૦૧૪ના રાયપુર મુકામે ગોઠવવામાં આવી છે.

૫. સન ૨૦૧૪નું ૧૨ પાનાનું રંગીન તિથી કેલેન્ડરનું વિમોચન - રાયપુર મહાજનનાં પ્રતિનિધીઓ શ્રી ચંદ્રેશભાઈ છેડા શ્રી શશિકાન્તભાઈ શાહ અને શ્રી ધવલ યોગેશ દંડના શુભહસ્તે કરી, હાજર રહેલ સર્વે સભ્યોને શુભેચ્છા પ્રત અર્પણ કરેલ.

કેલેન્ડરના પ્રકાશન માટે, આર્થિક સહયોગ આપનાર સર્વે દાતાઓનો આભાર માનવામાં આવેલ. કેલેન્ડરના ડિઝાઈનિંગ અને પ્રિન્ટિંગ માટે મહેનત લઈ પ્રકાશન કરવા માટે શ્રી ભરતભાઈ જીવાણી અને શ્રી દિનેશભાઈ કાનાણીનો હાર્દિક સાભાર વ્યક્ત કરવામાં આવેલ. સમાજપયોગી માહિતી ઉપલબ્ધ કરાવી આપનાર તેમજ માર્ગદર્શન આપનાર પુ. સાધૂ મ.સા. તથા પુ. સાધ્વીજી મ.સા. અને શ્રી દિપકભાઈ ગંગાજર ડાઘાના સહયોગ બદલ આભાર વ્યક્ત કરાયેલ.

॥ શ્રી મહાવીર સ્વામીને નમ: ॥ ॥ શ્રી સુવિધિનાથાય નમ: ॥ ॥ શ્રી આદીનાથાય નમ: ॥

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

જખૌ મહાજન Estd. 1966

(રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

**હેડ ઓફીસ :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

### વાર્ષિક સામાન્ય સભા

પ્રતિ, તા.૨૭-૧-૨૦૧૪

જખૌ મહાજન સભ્યો જોગ,

જય જીનેદ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રી ની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૩/૨/૨૦૧૪, બપોરના ૩.૦૦ કલાકે, કુકરેજા કૉમ્પ્લેક્સ, ૭/બી/૮૦૧, ૮ માળા, એલ.બી.એસ. માર્ગ, અનંતસિધ્ધીની સામે, ભાંડુપ (વે), મુંબઈ ખાતે બોલાવવામાં આવેલ છે.

**એજન્ડા**

૧. ગતમીટીંગ ની મીનીટસ નું વાંચન અને બહાલી.
૨. બંધારણમાં સુધારાવધારા કરવા સમીતી ની નીમણુક.
૩. મીટીંગોમાં નક્કી થયા પ્રમાણે અતિથી ગૃહ / ભોજન શાળા ના નુતની કરણ અને રપેરીંગ બાબત ચર્ચા.
૪. મહાજન તથા ટ્રસ્ટ બોર્ડના આન્વેષીત હીસાબોની રજુઆત અને બહાલી.
૫. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ ઓડીટર ની નીમણુક કરવાબાબત.
૬. ધૃત ભાવ વધારા બાબત ચર્ચા અને નિર્ણય
૭. આવક જાવક પત્ર બાબત ચર્ચા અને નિર્ણય
૮. મહાજન તથા ટ્રસ્ટ ની સ્થાવર તેમજ જંગમ મીલકતો ની જાળવણી બાબત ચર્ચા વિચારણા.
૯. પ્રમુખશ્રી ની મંજુરીથી જે કોઈ વિશય રજુ થાય તે બાબત ચર્ચા વિચારણા.

નોંધ : કોરમ ના અભાવે મુલતવિ રહેલ સભા અડધા કલાક બાદ એજ સ્થળે મળશે જે માટે કોરમ ની જરૂર રહેશે નહી તથા એજન્ડા મુજબ કાર્યવાહી આગળ વધારાશે જેનો નીર્ણય સર્વે સભ્યોને માન્ય રહેશે.

લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન
શ્રી કેશરસીંહ આણંદજી ખોના શ્રી નિલેશ (નયન) રમેશ મોમાયા
માનદ્ મંત્રીઓ

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

# શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ
## દ્વારા આયોજીત

## ૧૫ દિવસીય ગિરીરાજ ની યાત્રા સહ
## જીવન ઊજાગર કન્યા શિબીર.....

અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ. સા. ના અનરાધાર આશીષ સહ, પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ. સા. ની મુશલધાર મંગલ કામના સહ જીવન ઊજાગર શિબીરનું અલૌકિક અદ્‌ભૂત - અહલાદક આયોજન પૂ. સા. શ્રી મહોદયાશ્રીજી મ. સા. ની શુભ નિશ્રામાં.

તારીખ : ૪-૫-૨૦૧૪ થી ૧૯-૫-૨૦૧૪ સુધી.
સ્થળ : નવલ સોનરાય શ્રમણી વિહાર (પુરબાઈ ધર્મશાળા). નાની શાક માર્કેટ, પાલીતાણા

૧) શિબીરમાં ૧૪ થી ૨૮ વર્ષની કન્યાઓ ભાગ લઈ શકશે.

૨) આ શિબીર દરમ્યાન ૫ જાત્રા કરવાની રહેશે.

૩) ૧૫ દિવસ શિબીર દરમ્યાન યથા શક્તિ એ તપસ્યા કરવાની રહેશે.

૪) કોઇપણ જાતના નિર્ણયો રાખવા કે બદલાવ કરવાનો અધિકાર ટ્રસ્ટીગણનો રહેશે.

૫) વહેલા તે પહેલા ના ધોરણે ફક્ત ૯૦ કન્યાઓને પાલિતાણા શિબીરમાં લઇ જવામાં આવશે.

૬) શિબીરમાં ફોર્મ સાથે રૂા. ૫૦૦/- (રિફન્ડેબલ) ભરવાના રહેશે જો શિબીર માં એ ન આવે તો રૂા. રિફન્ડ મળશે નહીં.

૭) તા.૦૨.૦૫.૨૦૧૪ કે ૦૩.૦૫.૨૦૧૪ જવાની તારીખ તથા ૧૯.૦૫.૨૦૧૪ પરત આવવાની તારીખ રહેશે.

**ખાસ નોંધ :** ૨૫-૨-૨૦૧૪ સુધીજ ફોર્મ લેવામાં આવશે. પછી ફોર્મ સ્વીકારવામાં નહી આવે.

આ અભિયાનમાં જોડાવા નીચે આપેલ સેન્ટરો પરથી ફોર્મ મેળવી શકાશે અને ત્યાંજ ભરીને આપવાના રહેશે.
(૧) અનંતનાથ જીનાલય - મસ્જીદ બંદર, (૨) સ્ટીચએલ, શીતળછાયા, આઈ.સી.આઈ.સી.આઈ બેન્કની સામે, મુલુંડ (વેસ્ટ).
(૩) ભાંડુપ અનંત સિધ્ધી ઓફિસ, (૪) ડોમ્બીવલી મંડળની ઓફીસેથી

**વધુ વિગત માટે સંપર્ક :**

**અજય લોડાયા** - ૦૨૨-૨૪૩૯ ૪૪૪૪ / મો : ૦૯૮૯૨૩૭૨૭૭૭ - સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા દરમ્યાન

---

બહારગામની શિબીર ઉત્સુક કન્યાઓ માટે ખાસ નોંધ :
પાલિતાણા ધર્મશાળા સુધી આવવા તથા પાછા જવાની વ્યવસ્થા કન્યાઓએ પોતાની રીતે કરવાની રહેશે.
પરંતુ તેમની ટિકીટનો ખર્ચ સંસ્થા પાસેથી મળશે. આપેલ ફોર્મની વિગત સારા પેપર પર ભરીને નીચેના સરનામે મોકલવા વિનંતી.

પુરૂ નામ : ______________________ મૂળગામ : ____________

એડ્રેસ : ______________________________________

બાળકના મોબાઈલ નંબર : ____________ ઘરના નંબર : ____________ વાલીના મો. નં. : ____________

ધાર્મિક અભ્યાસ : ______________________________________

પહેલા શિબિર કરી છે. હા / ના ૯૯ જાત્રા કરી છે. હા / ના તમને કોઈ બિમારી છે. હા / ના હાં તો શું તેની વિગત ____________

**QUEST**
1073, Rajabhau Desai Marg, Standard Mill Compound, Behind Beau Monde Tower, Prabhadevi, Mumbai - 400 025. **Mob.: 09892372777**

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ વાર્ષિકોત્સવ જલસા - ૨૦૧૪












શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ વાર્ષિકોત્સવ જલસા - ૨૦૧૪ The Magic of young K.D.O. Talents તા. ૧૮.૦૧.૨૦૧૪ શનિવારના સાંજે ફાઈન આર્ટસ ઓડીટોરીયમ ચેમ્બુર ખાતે યોજાયો હતો. જલસા નામને સાર્થક કરતા આ કાર્યક્રમમાં નૃત્ય - નાટિકા, ફેશન-શો, વાદ્ય - વાદન, નવરંગી વોર અને વોટસપ વોરની સ્પર્ધાઓ તેમજ શૈક્ષણિક બહુમાન આદિ કાર્યક્રમો યોજવામાં આવેલ. આશરે ૨૨૦૦ જ્ઞાતિજન કાર્યક્રમમાં સહભાગી થયેલ અને ૨૫૦ સ્પર્ધકોએ ભાગ લીધેલ.

કાર્યક્રમના વિશેષ અતિથિ શ્રી જ્ઞાતિના પ્રસિધ્ધ દાનવીર **શ્રી કલ્પેશ માણેકજી મોતા હતા. શ્રી જ્ઞાતિમહાજનના પ્રમુખ શ્રી નયનભાઈ અશોકભાઈ ભેદા, શ્રી સમસ્ત મહાજનના સેક્રેટરી શ્રી ચીમનભાઈ મોતા, શ્રી શીવજીભાઈ વીકમશી, શ્રી કીરીટ લાપસીયા, શ્રી હીરાલાલભાઈ ડાઘા, શ્રીમતી દમયંતીબેન ચાંપશી શાહ, શ્રી ચાંપશી શાહ, શ્રી અમિત મોમાયા, શ્રી શામજીભાઈ નરશી દંડ, શ્રી સમીર શામજી દંડ, શ્રી નીલેશ માણેકજી મોતા, શ્રી બીપીન પાશ્વીર નાગડા, શ્રી મંધુકાંત ખોના, શ્રી શૈલેશ સનત શાહ, શ્રી રાજેશ છેડા, શ્રી પુનશીભાઈ લોડાયા, શ્રી ભદ્રેશ પટેલ, શ્રીમતી એકતાબેન નયન ભેદા, શ્રીમતી રાજુલબેન ભદ્રેશ પટેલ, શ્રીમતી ચાંદનીબેન પરેશ લાલકા, શ્રી વીરેન્દ્ર લોડાયા, શ્રી હરીશ શીયાડ, શ્રી ધીરેન લોડાયા, શ્રી રાજેશ લોડાયા** એ

આ પ્રોગ્રામમાં હાજરી આપી કાર્યક્રમની શોભા વધારેલ. આ પ્રોગ્રામનું સૂત્ર સંચાલન શ્રી પ્રતીક મોતા (ભોપાલ) એ ખુબજ સરસ રીતે પાર પાડેલ, શ્રી કલ્પેશ મોતાએ પોતાના વીચારોમાં પ્રગટ કરતા કચ્છી દશા ઓસવાલ વીદ્યાર્થી સંઘના કાર્યક્રમની પ્રશંસા કરેલ અને વિદ્યાર્થી સંઘની પ્રવૃત્તિઓમાં સમસ્ત જ્ઞાતિજનોને અને જ્ઞાતિના યુવાઓને તન-મન ધનથી સાથ સહકાર આપવા આહવાન આપેલ, શ્રી નય ભેદાએ પોતાના વીચારો પ્રગટ કરેલ તેમાં સામાજીક પ્રવૃત્તીસાથે કેરીઅર પણ જરૂરી છે તે સમાજવેલ તેમજ શીવજીભાઈ વીકમશી એ પોતાના વીચારોમાં જુની વાતોને યાદ કરી જ્ઞાતિને શ્રી સંઘની પ્રવૃત્તિઓ વીષે સમજાવેલ.

ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘના માનદમંત્રી **શ્રી ઊર્મીન જયેશ લોડાયાઓ સંઘની પ્રવૃત્તીઓનો અહેવાલ આપેલ. પ્રમુખ શ્રી અનુજ ગીરીશ લોડાયા એ જ્ઞાતિજનોને સંબોધતા જાહેર કરેલકે આ વરસથી પહેલેથી દસમી ધોરણના વિદ્યાર્થીઓને વિદ્યાર્થી સંઘ દ્વારા મોફતમાં પાઠ્યપુસ્તક આપવામાં આવશે. તેમજ સર્વે દાતા શ્રી મહેમાન, સ્પર્ધકો, અને કાર્યકર્તાઓની મહેનત માટે આભાર વ્યક્ત કરેલ.** સહભાગી થયેલ સર્વે જ્ઞાતિજનો માટે નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવેલ. ઈનામ વિતરણ બાદ કાર્યક્રમ પુર્ણ થયો

આ કાર્યક્રમને સફળ પાડવા બદલ શ્રી અનુજ ગિરિશ લોડાયા, શ્રી મંયક જીતેન્દ્ર મોમાયા, શ્રી ઊર્મીન જયેશ લોડાયા, શ્રી તેજસ મહેન્દ્ર ખોના, શ્રી ઊર્વી નીરેન લોડાયા, શ્રી હેમીલ જયેશ દંડ, શ્રી દીવેશ યોગેશ લોડાયા, ધર્મીતા અનુજ લોડાયા, કુ. તેજલ ખીરેશ ધ્રોળ, શ્રી શૂભમ મહેન્દ્ર લાપસીયા, રીતેશ મહેન્દ્ર લાપસીયા, શ્રી (રાજન) હીતેન બદ્રીકાંત લોડાયા તેમજ કુ. કીંજલ ભાવેશ લોડાયા તેમજ કુ. હીરલ મયુર ખોના, કુ. લબ્ધી નીરેન લોડાયા, તેમજ કુ. નીકીતા નરેશ મૈશેરી, કુ મોનીકા ગીરીશ નાગડા, કુ. પુજા નીતીન લોડાયા, કુ. માસુમી હરીશ સાયલા, કુ. સૃષ્ટી કીરીટ લોડાયા, કુ. પુજા મુકુલ ધરમશી, કુ. નીલીમા અશોક મુનવર, કુ. ડીંપલ અશોક મુનગર, કુ. નીતી હીરાચંદ મૈશેરી, કુ. સલોની પંકજ ગોસર, કુ. જીલ મહેશ નાગડા, શ્રીમતી લિના હિતેન લોડાયા, શ્રીમતી નિલિમા દિપક લોડાયા, શ્રી રાકેશ અભય મૈશેરી, શ્રી પ્રતીક દીનેશ લાલકા, શ્રી સિદ્ધાર્થ મયુર ખોના, શ્રી રીષભ નીતીન મોતા, શ્રી સાગર જગદીશ ધુલ્લા, શ્રી અર્પણ ફાલ્ગુણ ખોના, શ્રી હર્ષ વીજય મૈશેરી, શ્રી જયનીશ જયેશ શાહ, જયેશ વરસંરાજ લાપસીયા શ્રી પ્રતિક હરીશ સાયલા, શ્રી વિપુલ પુનમચંદ સોની, શ્રી અભય અશોક લાપસીયા, શ્રી જીગર નીતીન ધરમશી શ્રી કરન મુલરાજ છેડા અને સર્વ કાર્યકર્તાઓનો શ્રી વિદ્યાર્થી સંઘ ખુબ આભાર વ્યક્ત કરે છે.

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

WEIGHT MANAGEMENT & FITNESS CENTER
Since 1994

## ૨૦ કિલો કે તેથી વધુ વજન ઉતારવુ હોય તો લોકો સર્જરી કરાવે છે. જેમાં લાખોનો ખર્ચ પછી હંમેશા ડાયેટ અને છતાં પણ જોઇતો શેપ આવવાનું નક્કી નહીં.

## ગમેતે ઉંમર હોય, ગમે તે બિમારી હોય, ગમે તેટલું વજન ઓછા ખર્ચે, ટૂંક સમયમાં ઘટાડીને પરફેક્ટ શેપ જોઇતો હોયતો રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોનમાં જ શક્ય છે.



પહેલાં



પછી

**નામ નહીં કામ બોલે છે**

**મહેક શૈલેષ સોની**

**ગામ–વડાલા**

**ઉં. વ. ૧૩**

**પહેલા વજન ૮૪ kg.**

**પછી વજન ૫૩ kg.**

**૫ મહીનામા**

**ટોટલ ૩૧ કિલો ઉતર્યા**

**ટોટલ ૧૫૩ ઇંચ ઉતર્યા**



પહેલાં



પછી

"હું જાડી હતી ત્યારે મનેજ ગમતી નહીં ઉ અટ્ઠાઇ કર્યા પછી પણ આવીજ રહી. હું ગ્રુપમાં સૌથી જાડી હતી. બધા મારી પાછળ મારી મજાક ઉડાવતા. પરંતુ રાજશ્રી યોગામાં આવીને મારી બધી તકલીફો દૂર થઇ ગઇ. મારી પર્સનાલીટી જ નહીં મારી જીંદગીનો અર્થ જ બદલાઇ ગયો. મને ક્યારેય નથી લાગ્યું કે હું વજન ઉતારવાનો કોર્સ કે ડાયેટ કરી રહી છું. મે દરેકે દરેક સેશન માણ્યા છે. મનેજ ખબર પણ ન પડી કે ધીરે ધીરે કેવી રીતે હું સુંદર શેપમાં મોલ્ડ થઇ ગઇ. મારા કપડાની સાઇઝ XXL માંથી (S) સ્મોલ થઇ ગઇ અને મારી ચપ્પલ ની સાઇજ પણ બદલાઇ ગઇ"

**Contact : 2437 3503, 9323333303, 9321899909**

લોકોને ૫ કિલો વજન ઉતારવું પણ મુશ્કેલ લાગતું હોય છે. પરંતુ મહેકે સ્કુલના બીઝી શેડયુલ માંથી સમય કાઢીને હસતાં હસતાં આત્મવિશ્વાસથી ૩૧ કિલો વજન ઘટાડીને એની ઉંમરનાઓ માટે તંદુરસ્તીનો મહેકતો મેસેજ આપવા બદલ અભિનંદન. માત્ર દેખાવજ નહીં પણ જીંદગીના દરેક ક્ષેત્રે સુંદર અને સફળ રહે તેવી શુભેચ્છા.

**મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી.**

**ખાસ નોંધ : અમારા કોઇ આસીસ્ટન્ટ, અમારા દ્વારા તાલીમ લીધેલ કોઇ વ્યક્તિ કે ક્યાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઇઝી નથી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ,
ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪

વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

## મહિલાઓ માટે સ્તન પરીક્ષણ
## (મેમો ગ્રાફી) MAMMOGRAPHY

મુલુંડના ડો. જંયતી કિશોર લાલકાએ તેમના પિતાશ્રી લાલજી ખીમજી લોડાયા (ગદગ) અને શ્વસુરશ્રી મણશી આણંદજી લાલકાની પુણ્ય સ્મૃતિમાં ફોરટીસ હોસ્પીટલના સહયોગથી સ્તન પરીક્ષણ ની વ્યવસ્થા કરી છે જે અનુસાર જ્ઞાતીની ૫૦ વર્ષો કે વધુ ઉમરની ૧૩૩ મહિલાઓ ફ્રી અને ૧૦૦ મહિલાઓ રૂા. ૭૫૦ ના રાહત દરે સ્તન પરીક્ષણ (મેમો ગ્રાફી) **MAMMOGRAPHY** કરાવી શકશે. સંપર્ક : ડો. જયંતી લાલકા ૯૩૨૩૯૦૧૨૬૮ (૧૨થી૨)


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ,
દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676



Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ


।। શ્રી સુપાર્શ્વનાથ સ્વામિને નમઃ ।। ।। સર્વ લબ્ધિ નિધાનશ્રી ગૌતમસ્વામિને નમઃ ।।

# શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય

**મુંબઈ કાર્યાલયઃ** C/o. આર્ય જય કલ્યાણ કેન્દ્ર, ૧૦૩, મેઘરત્ન, દેરાસર લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૭૭. ફોનઃ ૨૫૦૧૧૭૮૮

## મોડપર મુકામે ૪૦૦ વર્ષના પ્રાચીન તીર્થના પ્રતિષ્ઠા મહોત્સવ તથા વર્ષીતપના પારણા મુલ્તવી

આપ સૌ વરસી તપના તપસ્વીઓ શુભ શાતામાં હશો. શ્રી પરમ કૃપાળુ પરમાત્મા અને દેવ ગુરૂના આશીષથી આપની તપસ્યા નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવી અભિલાષા. આપને સુવિદિત છે તેમ શ્રી મોડપર તીર્થના મુળનાયક શ્રી સુપાર્શ્વનાથ દાદા તથા અન્ય જિન બિંબોની પુનઃપ્રતિષ્ઠા જીર્ણોધ્ધાર બાદ તા. ૫-૫-૨૦૧૪ ના નિર્ધારીત થયેલ.

આ મહોત્સવ દરમ્યાન વૈશાખ સુદ ત્રીજ ને અક્ષય તૃતીયા તા. ૨-૫-૨૦૧૪ ના આવતી હોવાથી પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞા અને વિનંતી અનુસાર આપ સર્વેને વરસી તપના પારણા મોડપર મુકામે કરાવવાના અમો સર્વેએ મનોરથ સેવેલ. આપ સૌ જાણતાજ હશો કે જીર્ણોધ્ધાર ના કાર્યો અઘરા હોય છે અને તેમાં વિવિધ કારણોને કારણે વિલંબની સંભાવના રહેલી હોય છે. જીર્ણોધ્ધાર બાદ દેરાસરજીનું કાર્ય પૂર્ણતાના આરે છે. પરંતુ ઉપાશ્રય અને અન્ય કામો હજી કાર્યરત હોવાથી પ.પુ.આ.ભ. ની સંમતિથી અને આજ્ઞાથી તા. ૫-૫-૨૦૧૪ના નિર્ધારિત થયેલ પ્રતિષ્ઠા મહોત્સવ નવેમ્બર ૨૦૧૪ સુધી મુલ્તવી રાખેલ છે.

આપના પારણા કરાવવાનું અવસર અમો ચુકી જશું તેનો અમને રંજ છે તે બદલ આપ સૌને મિચ્છામી દુક્કડમ્.

આપશ્રીના વરસીતપના પારણા માટે સુખ રૂપે પરીપૂર્ણ થાય તેવી પ્રભુ પ્રાર્થના અને વિનંતી શ્રી સુપાર્શ્વનાથ દાદાને કરીએ છીએ.

લી.

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ વતી**
શ્રી જીવરાજ કે. નાગડા (માનદ્ મંત્રી) શ્રી ભુપેન્દ્ર એલ. લોડાયા (સહમાનદ્ મંત્રી)

# મુંબઈ મહાજનશ્રી દ્વારા ટ્રેડ પ્લસ ફેર યોજાયો



ભાંડુપના નેપ્ચ્યૂન મેગનેટ મોલમાં રવિવાર, ૨૬ જાન્યુઆરીએ કેડીઓ જ્ઞાતિના મુબંઇ મહાજનના ઉપક્રમે યોજાયેલા કેડીઓ ટ્રેડ પ્લસ ફન ફેરને હજારો જ્ઞાતિજનો તથા ઈતરજનાએ માણ્યો.

ટ્રેડ ફેરની શરૂઆતમાં સામુહિક ધ્વજ વંદન થયું.

ટ્રેડ ફેરમાં આશરે ૧૫૦ વૈવિધ્યસભર સ્ટોલ્સ હતા. તેમાં આબાલવૃદ્ધ માટે અનેક આકર્ષણ સમાન ચીજવસ્તુઓ અને સેવાઓ પ્રદર્શન અને વેચાણ માટે ઉપલબ્ધ હતી. તેના લીધે મુલાકાતીઓને શોપિંગ સાથે રમતગમત અને નેટવર્કિંગનો આનંદ મળ્યો હતો. ફાઈવસ્ટાર કેટરર્સે તેના સ્ટોલ થકી સ્વાદિષ્ટ વાનગીઓ તથા ચા-પાણીની વ્યવસ્થા પૂરી પાડી હતી.

નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના સ્ટોલમાં જ્ઞાતિના પરિવાર માટે સદંતર વિનામૂલ્યે સ્વાસ્થ્યકવચ એટલે કે મેડિક્લેઈમ પોલિસી મળી હતી. આશરે બસો જ્ઞાતિજનોએ પોતાના પરિવાર માટે પોલિસી મેળવી હતી.

મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટના સ્ટોલમાં વેચાણ રૂપિયા ૭૫,૦૦૦ને વટાવી ગયું હતું. વાસન આય કેર તરફથી વિનામૂલ્યે આય ચેક-અપ કેમ્પ પણ રખાયો હતો, જેનો લાભ ૩૭૫થી વધુ લોકોએ લીધો હતો.

ગુજરાતના લાડીલા લોકગાયક ઓસમાન મીર (રામ લીલા ફેમ મન મોર બની થનગાટ કરે ગીતના ગાયક)ની લાઈવ કોન્સર્ટમાં કચ્છી, ગુજરાતી અને હિન્દી ગીતો  માણવા મળ્યા હતા.

ટ્રેડ ફેરને સફળબનાવવા માટે મુંબઈ મહાજનના અનેક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ પુષ્કળ મહેનત લીધી હતી. જેથી તે યાદગાર બન્યો હતો.








**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

# કે.ડી.ઓ. ટ્રેડ ફેરમાંનું અરિહંત કો. ઓપ. બેંકનું પ્રેરિત અરિહંત પેવેલીયન વિશેષ આકર્ષણ કેન્દ્ર બન્યું





કે.ડી.ઓ. મુંબઈ મહાજન દ્વારા રવિવાર તા. ૨૬.૦૧.૧૪ના ભાંડુપના નેપચ્યુન મેગ્નેટ મોલની ટેરેસ પર યોજાયેલા કે.ડી.ઓ.ટ્રેડ ફેરમાં અરિહંત કો. ઓપ. બેંક દ્વારા ચેરમેન શ્રી કુમાર દંડ અને ડાયરેક્ટરોના માર્ગદર્શનમાં યોજેલ ૩૪ સ્ટોલનું અરિહંત પેવેલીયન પ્રવૃત્તિથી ધમધમતું રહ્યું અને આકર્ષણનું વિશેષ બન્યું હતું.

અરિહંત પેવેલીયનનું ઉદઘાટન શ્રીમતી એકતા નયન ભેદા, અરિહંત બેંકના ડાયરેક્ટર શ્રીમતી માલતી એચ. ધરમશી, શ્રીમતી તોરલ કુમાર દંડ, શ્રીમતી છાયા ગુલાબ શાહ, શ્રીમતી સરલા કિરણ મોમાયા આદિએ કર્યું. અરિહંત બેંક દ્વારા યોજાયેલી ૫ થી ૯ વર્ષના તથા ૯ થી ૧૨ વર્ષ વચ્ચેના બાળકો માટેની ડ્રોઈંગ સ્પર્ધામાં સેંકડો બાળકોએ ભાગ લીધો હતો. ડ્રોઈંગ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે શ્રીમતી નમ્રતા લોડાયા, શ્રી રાજેશ નાકર અને કુ. રેશ્મા નાયરે સેવા આપી હતી.

૫ થી ૯ વર્ષ વય જુથમાં પ્રથમ ઈનામ કોમલ એસ. નાગડા, બીજું ઈનામ નિહાલ જે મોમાયા અને ત્રીજું ઈનામ મૈત્રી નાગડાએ મેળવ્યું હતું.

૯ થી ૧૨ વર્ષ વય જૂથમાં પ્રથમ ઈનામ રિયા દેઢીયા, બીજું ઈનામ સિધ્ધિ એલ. શાહ તથા ત્રીજું ઈનામ ખ્યાતી યુ. લોડાયાએ મેળવ્યું હતું. દરેક જુથમાં બે આશ્વાસન ઈનામો પણ અપાયા હતા.

અરિહંત બેંકના અરિહંત પેવેલીયમાં લોકોને બેંકની સેવાઓ વિશે માહિતી આપવામાં આવી હતી શેર હોલ્ડર નોંધવામાં આવ્યા. ડિપોઝીટ અને લોન અંગે પણ ઘણી પુછપરછ આવી હતી.

એકંદરે અરિહંત બેંક પ્રેરિત પેવેલીયનને સારી સફળતા મળી હતી.






યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com



શ્રી ક.દ.ઓ. ડોંબિવલીની ચુંટણીમાં ચુંટાયેલા સર્વ જ્ઞાતિ કાર્યકર્તાઓને અભિનંદન. અસફળ રહેલા કાર્યકર્તાઓ પણ મંડળ અને જ્ઞાતિજનોની સેવા કરતા રહે એવી અપેક્ષા..

- તન-મન પરિવાર



શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN, JHARKHAND

## તીર્થયાત્રા - વિહારયાત્રા સહ જ્ઞાનશિબિર

પધારો..... ||જય શાંતિનાથ|| ||શ્રી અચલગચ્છાધિષ્ઠાયિકા મહાકલિદૈવ્યે નમઃ|| પધારો.....

શ્રી શાંતિનાથદાદાની અસીમ કૃપાથી શ્રી શાંતિગ્રુપ આયોજિત કચ્છ માદરે વતનમાં પ્રથમ જ વાર યોજાઈ રહેલ વિહારયાત્રા -

## તીર્થ યાત્રાસહ પંચદિવસીય શ્રી આર્ય સમય ગુણ કન્યા જ્ઞાન શિબિરમાં

પધારો.....

✻ શુભાશિષ ✻

તપસ્વીરત્ન અ.ગ.પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
એવં સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

પધારો.....

✻ દિવ્યકૃપા ✻

શાસનસમ્રાટ, કચ્છ કેસરી
અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી
ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

પધારો.....

✻ શુભનિશ્રા ✻

સાધ્વીમુખ્યા પ.પૂ. નિરંજનાશ્રીજી મ.સા.ના
શિષ્યા પરમવિદુષી પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા. ના
શિષ્યા વ્યવહાર દક્ષા પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા.
પ.પૂ. નયગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા

## SUMMER VACATION નું NEW ATTRACTION

વિશિષ્ટ જ્ઞાનશિબિરના આયોજક

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

✻ મુંબઈથી પ્રસ્થાન ✻
શુક્રવાર તા. ૨૩/૫/૨૦૧૪
સયાજી એક્સપ્રેસ દ્વારા

✻ શિબિર પ્રારંભ ✻
તા. ૨૪/૫/૨૦૧૪ શનિવાર
સ્થળ - સાંધવ, કચ્છ

✻ પૂર્ણાહુતિ - સ્થળ - સુથરી તીર્થ ✻
ગુરૂવાર તા. ૨૯/૫/૨૦૧૪
કચ્છ એક્સપ્રેસ દ્વારા

સમ્યગ્ જ્ઞાન પિપાસુ પ્યારી બાળાઓ.... કન્યાઓ....!!!
સ્કુલ - કોલેજની Exams થઈ ગયા બાદ...
Summer Vacation માટે.... તમારા દિલ-દિમાગમાં
તમે અવનાવા આયોજનો વિચારી જ લીધા હશે. પણ
બહેનો..!!! આ વખતે .... તમારા માટે આવી રહ્યુ છે...

### એક અવનવું આયોજન

જેમાં..... કચ્છના પ્રાચીન તીર્થો....સાંધવ, વરાડિયા, કોઠારા, સાંયરા અને સુથરીમાં તમને જુહારવા મળશે નયનરમ્ય પ્રાચીન પ્રભુજી પદયાત્રા માણવા મળસે કચ્છનું પ્રાકૃતિક સૌંદર્ય અને જ્ઞાન શિબિરમાં જાણવા મળશે.

ગુરુભગવંતોના સથવારે જિનશાસનનાં સિદ્ધાંતો, સંસ્કારોની સરવાણી અને પ્રભુભક્તિનાં રહસ્યો.... તથા અન્ય.... ઘણું બધું નવું-અવનવું-નોખું-અનોખું તો... આજે જ કરી લ્યો શિબિરમાં આવવાનો વિચાર...!

ફોર્મ ભરવા માટે થઈ જાઓ જલ્દી તૈયાર...!!!

**પંચદિવસીય શિબિર કાર્યક્રમ**

| | |
|---|---|
| સવારનાં | ઢોલ શરણાઈ સહ |
| ૬ કલાકે | વિહારયાત્રાનો પ્રારંભ ૫ કિ.મી. |
| ૭ કલાકે | તીર્થ પ્રવેશ - ભવ્ય સામૈયું |
| ૭.૩૦ | સામુહિક પ્રભુદર્શન - ગુરૂવંદન |
| ૮.૦૦ | નવકારશી |
| ૯.૦૦ | સ્નાત્રમહોત્સવ - અનુષ્ઠાનો |
| ૧૨.૦૦ | ભોજન...આરામ |
| ૧.૦૦ | સ્ટોરી-સ્ટોરી-ધાર્મિક એન્જોય |
| ૨ થી ૩ | Make your Future Bright |
| ૩.૦૦ | જ્યુસ-શરબત-ચા-નાસ્તો આદિ |
| ૩.૩૦ થી ૪.૦ | ધાર્મિક Game Show |
| ૫.૦૦ | સંધ્યા ભોજન |
| ૬.૩૦ | સંધ્યા ભક્તિ - પ્રભુ મિલન |
| ૭.૩૦થી૮.૩૦ | પ્રતિક્રમણ |
| ૮.૩૦થી૯.૩૦ | સંગીત સથવારે રાત્રી ભાવના |
| | શયન - શયન - Good night |

સુચના : મર્યાદિત ૧૦૦ સંખ્યામાં શિબિરાર્થીઓ લેવાનાં હોવાથી વહેલો તે પહેલોના ધોરણે ફોર્મ સ્વીકારાશે. ફોર્મ સાથે રૂા. ૫૦૦ ભરવાના રહેશે. જે શિબિર અંતે પાછા અપાશે. આવવા-જવાની ટિકીટ આયોજક ગ્રુપ તરફથી મળશે. વિશેષ સૂચનો પત્રિકા દ્વારા જણાવવામાં આવશે.

**ફોર્મ મોકલવાના સ્થળ : શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ**
૨૦૧, મેરેથોન મેકસીમા, એલ. બી. એસ. રોડ, નિર્મલ લાઈફ સ્ટાઈલ ની બાજુમાં,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૦ ફોનઃ 022-66800800
સંપર્કઃ ગોવિંદજી પટેલ - 9820540949 કિરણ દંડ - 9833808244

પ્રબોધ મુનવર - ભુજ - 9925159876
અરવિંદ લોડાયા - ગાંધીધામ - 9825634649
ગુલાબભાઈ દંડ - અમદાવાદ - 9824097078

વિરચંદ ખોના - વાશી - 9870989005
કુસુમ લાલકા - ડોંબિવલી - 9323961617
કિરણ ઘુલ્લા -મલાડ - 9833698655
વિરેન્દ્ર લોડાયા - મસ્જિદબંદર-9821073830

શ્રી ગુણભારતી પ્રકાશન ચે. ટ્રસ્ટ ૧૦૩, મેંઘરત્ન એપાર્ટમેન્ટ, ૧લા માળે, દેરાસર લેન,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૭૭, નિતિનભાઈ મો. ૯૮૨૨૯૫૦૮૧૪
**લિ. જયેશ જૈન (અધ્યક્ષ) ગોવિંદજી પટેલ (ઉપાધ્યક્ષ)**

**SUMMER VACATION નું NEW ATTRACTION**

વિશિષ્ટ જ્ઞાનશિબિરના આયોજક

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

**પ્રવેશપત્ર (ફોર્મની ઝેરોક્ષ કોપી ચાલશે)**

શિબિરાર્થીનું નામઃ ______________________

ઉંમર - વર્ષ : ________ સ્કુલ - કોલેજનો અભ્યાસ ______________

કચ્છનું ગામ - ________ ધાર્મિક અભ્યાસ ______________

પાસપોર્ટ સાઈઝના હમણાના નવા બે ફોટો

સરનામું ______________________

______________________

______________________

મોબાઈલ નં. ______________

શિબિરાર્થીની સહી

વાલીની સહી

### પચ્છમ કેડી - મહિલા મંચ એકવીસમો વાર્ષિકોત્સવ

ખુબ જ ખુશાલી સાથે જણાવવાનું કે સંસ્થાની સફર તમારા બધાના સાથ સહકારથી એકવીસ વર્ષ પુરા કરવા જાય છે. તા. ૬.૨.૧૯૯૩થી આજ સુધીની દરેક સભ્ય બહેનોને આમંત્રણ છે. તો પરીવારસમાં મૈત્રી મેળામાં જરૂરથી પધારવા આમંત્રણ છે. ફક્ત રૂ. એકાવન ફી રાખેલ છે. બપોરના ૩:૩૦ થી ૬.૩૦ સુધી તા. ૮મી ફેબ્રુઆરી ૨૦૧૪ ને વાર શનિ. રમત ગમત - અલ્પાહાર રાખેલ છે. સ્થળ : ચંદ્ર કિશોર કંપની, ૪/૭૮, નિત્યાનંદ નગર, ૪, એસ. એન. રોડ, બસ ડીપોની બાજુમાં, અંધેરી (ઈસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૯. નામની નોંધણી વહેલી તકે કરાવશોજી.

સંપર્ક : સૌ. વિજયા ધરમશી - ૦૯૩૨૪૧૮૧૩૦૮
સૌ. લીલાવંતી મોમાયા - ૦૯૭૬૯૧૨૩૦૬૯
સૌ. કિરણ પોલડીયા - ૦૯૮૧૯૮૩૮૭૫૫
શ્રીમતી. હીરા ખોના - ૨૮૫૭૫૮૦૨
શ્રીમતી હર્ષા છેડા - ૦૯૮૩૩૯૦૪૯૬૧


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786



**Dr.MAHENDRA BHEDA**



# Tarot

**Determine your destiny**
**Predict your Future**

**2 Days PRACTICAL WORKSHOP**

**(Audio-Video Presentation)**

**Be a PROFESSIONAL Tarot Card Reader**

**Date:15-16 Feb'14 (Sat-Sun)**

**For Consulting and Registration:**

**9821197713/9022684890**



(પ્રતિકાત્મક તસ્વીર)

## મસ્જિદ બંદરના શ્રી અનંતજિન સ્નાત્ર મંડળની સુવર્ણ જયંતિ ઉજવાઈ

મસ્જિદ બંદરના શ્રી અનંતનાથ જિનાલયમાં દર મહિને શ્રી અનંતજિન સ્નાત્ર મંડળની બહેનો દ્વારા સ્નાત્ર પુજા ભણાવાય છે. તેને હલ ૫૦ વર્ષ પુર્ણ થયા, તે નિમિત્તે શુક્રવાર તા. ૩૧.૦૧.૨૦૧૪ના સ્નાત્ર પુજા ભણાવાઈ હતી. ત્યારે મસ્જિદ બંદર ઉપરાંત ડોંબિવલી, માટુંગા, વડાલા, ઘાટકોપર, મુલુંડ, ભાંડુપ, ઈત્યાદી સ્થળોએથી આપણી જ્ઞાતિની ૧૦૦ જેટલી બહેનોએ પુજામાં ભાગ લીધો હતો. દરેક બહેનને ૧૦ ગ્રમ ચાંદીનો સિક્કો સ્મૃતિચિન્હ રૂપે ભેટ અપાયો હતો.

## સામાજિક સુરક્ષા યોજના

કે.ડી.ઓ. વેલ્ફેર અસોસિએશની સામાજિક સુરક્ષા યોજનામાં જાનેવારી ૧૪ સુધી મહીનામાં નવા ૪૦ સભ્યો નોંધાયા છે.

માતુશ્રી સુંમતીબાઈ સોમચંદ દંડ (ઝવેરી) વડાલા - વરાડીયા તરફથી વરાડીયાના દસ નવા સભ્યો માટે રૂા. ૨૨.૦૦૦/- નું અનુદાન પ્રાપ્ત થયેલ છે. તેમની ભુરી ભુરી અનુમોદના.

કચ્છ વિસ્તારમાંથી નવા સભ્યો બનાવવા માટે ગાંધીધામથી સામાજીક કાર્યકર્તા શ્રી લબ્ધિ કુમાર મોમાયા સંસ્થાને સારો સહકાર મળી રહ્યો છે.

તેઓ કચ્છ વિસ્તારમાંથી સૌ જેટલા નવા સભ્યો બનાવવાની ઉમેદ ધરાવે છે તેમની ભુરી ભુરી અનુમોદના.

૫ વર્ષથી વધૂ મુદત માટે સભ્ય રહી ચુકેલા નિવૃત્ત સભ્યોને હજુ સુધી બોનસ ના ચેક ન મળ્યો હોય તો દિપક ગંગાજર ડાઘા - મુલુંડ (૮૯૭૬૦૧૭૮૩૦) અથવા શ્રી પદમકુમાર ધનજી નાગડા હુબલી (૦૯૪૪૮૦૯૦૩૦૭) અથવા તો ઈમેલ kdosss@yahoo.in પર સંપર્ક સાધવા વિનંતી.

## માસિક પુણ્ય તિથીએ આદરાંજલિ



જન્મ : તા. ૨૭.૦૬.૧૯૪૪

અરિહંત શરણ : તા. ૦૬.૦૧.૨૦૧૪

**સ્વ. મધુકાંત અરજણ દંડ (મંજલ રેલાડીયા)**

પલના પલકારામાં સાથ છોડનારા... આપ વિના સુનો સંસાર.... સુના હૃદયના દ્વાર....
પરગજુ અંતરમન.... લાગણી અનરાધાર..... સમયના ચુસ્ત.... વાંચનમાં મસ્ત....
પરમાત્મા એમના આત્માને પરમ શાંતિ અર્પે એજ અભ્યર્થના.....

*******

જીવન સંગીની : દમયંતી મધુકાંત દંડ,

સુપુત્ર : તુષાર મધુકાંત દંડ　　પુત્રવધુ: નેહા તુષાર દંડ

વહાલસોયા દાદાજી આપના અગણિત આશિષ એજ અમારા જીવનની આશ.....

પૌત્ર : હર્દિત્ય, પ્રતુલ્ય, મંતવ્ય

માતુશ્રી સોનબાઈ અરજણ ચાંપશી દંડ પરિવાર (મંજલ રેલાડીયા)

માતુશ્રી દેકાંબાઈ ખીમજી ચત્રલોજ ગાલા પરિવાર (તેરા)

## ભુજના વર્ધમાન નગરમાં પ્રવેશદ્વારો તથા બસ સ્ટેશનોનું લોકાપર્ણ



ભુજના કચ્છી જૈનોની વસ્તીવાળા વર્ધમાન નગરમાં પ્રવેશદ્વારો તથા બસ સ્ટેશનોનું લોકાપર્ણઅચલગચ્છાધિપતિ પરમ પુજ્ય આ.ભ. ગુણોદય સાગર સુરિશ્વરજીની નિશ્રામાં ખુલ્લા મુકાયા. આમાંનુ એક પ્રવેશદ્વાર માતુશ્રી લક્ષ્મીબાઈ જગશી છેડા અને માતુશ્રી મણીબાઈ પ્રેમજી ભેદાનાં સહયોગથી તથા બીજું પ્રવેશ દ્વાર શ્રીમતિ લીલમબેન દેવજી પાલાણી પરિવારનાં સહયોગથી બનાવવામાં આવ્યું છે.

દાતા શ્રી શોભનાબેન શાંતિલાલ લાલન હ. દિપિક લાલનના સહયોગથી તૈયાર થયેલ ગોરક્ષક ગીતાબેન રાંભીયા બસ સ્ટેશન હમણાં ખુલ્લુ મુકાયું. હવે બીજું બસ સ્ટેન્ડ સ્વ. શેલુબેન હિંમતલાલ શિવજી દેસાઈ પરિવાર દ્વારા નિર્માણ પામશે. ત્રીજું બસ સ્ટેશન માતુશ્રી કસ્તુરબાઈ હિરાચંદ મુનવર હ. જયાબગેન મુનવરના સહયોગથી નિર્માણ પામશે.



**પ્રબોધ મુનવરનું બહુમાન** વર્ધમાનનગર ઓનર્સ એસો. દ્વારા રાષ્ટ્રી સેવા રત્ન એવોર્ડ વિજેતા સંસ્થાનાં સહમંત્રી શ્રી પ્રબોધ મુનવરનું પુજ્યશ્રીની નિશ્રામાં શ્રી પી.સી. શાહ, દિપક મહેતા, રજની પટવા, દિપક લાલન, લક્ષ્મીકાંત શાહ, રાજેશ ઝવેરી, અરવિંદ શાહ, હસમુખ વોરા, ભોગીલાલભાઈ તથા કરોબારી સભ્યોએ તથા ભુજ અચલગચ્છ જૈન સંઘ દ્વારા ભરતભાઈ, રાજેશ શાહ તથા ટ્રસ્ટીગણે સન્માન કર્યું હતું.

## જ્ઞાતિ આગેવાનોના સંતાનોના લગ્ન નિમિત્તે મિની જ્ઞાતિ સ્નેહ મિલન





શ્રી કે.ડી.ઓ. સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચિમનભાઈ મોતાની સુપુત્રી બેલા અને વસ્તિપત્રક સમિતીના સેક્રેટરી શ્રી વિનોદ ધુલ્લાના સુપુત્ર મયુરના લગ્ન નિમિત્ત મુંબઈ અને બાહર ગામનાં આગેવાનો શુભેચ્છા આપવા મોટી સંખ્યામાં પધાર્યા હતા અને મિની જ્ઞાતિ સ્નેહ મિલન જેવું વાતાવરણ સર્જાયું હતુ.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથી
### શ્રધ્ધા સુમન



અરિહંત શરણ: ૩૦-૦૧-૧૩

ગામ: કોઠારા - ગાંધીધામ

### સ્વ. જવેરચંદ રતનશી મુનવર (તારવાલા)

**તમે નથી અમારી પાસે છતાં પણ,**
**હરપલ તમારી યાદ આવ્યા કરે છે....**
**તમારી સાથે વિતેલી પળો,**
**હરપલ યાદ આવ્યા કરેછે....**
**દરેક કાર્યોમાં તમારા આશીર્વાદ મળ્યાનો,**
**અહેસાસ થયા કરે છે....**
**પરમ કૃપાળુ પરમાત્મા તમારા આત્માને**
**પરમ શાંતિ આપે એજ અમારી પ્રાર્થના....**

**✤ શ્રધ્ધા સુમન આપનાર ✤**

ધર્મ પત્ની : ખેતબાઈ જવેરચંદ મુનવર
પુત્રવધુ-પુત્ર : પ્રવિણા - પ્રદિપ જવેરચંદ મુનવર
સ્વ. સરોજ - વિજય જવેરચંદ મુનવર
નીતા - ઉદય જવેરચંદ મુનવર
સરોજ - લહેરચંદ જવેરચંદ મુનવર
મીના - અજય જવેરચંદ મુનવર
દીકરી-જમાઈ : ઉષા - વિજય લક્ષ્મીચંદ પોલડીયા
હિના - કમલેશ રતિલાલ નાગડા
પૌત્ર-પૌત્રી : હિરલ, મોહિત, મિરલ, દિપ, નેહા, વિરલ, વિવેક, નિરવ, યશ અને રૂદ્ર
દોહિત્ર-દોહિત્રી : અનીતા - હિતેશ વિજય પોલડીયા
અંકિતા - હિતેશ નવીન મોમાયા
અને વરૂણ

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ દ્વારા મહાકાલી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાલી માતાજીની ભાવના તા. ૯.૨.૧૪ના રાતે ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રીમતી જયાબેન પુનશી લખમશી માલદે પરિવાર દલતુંગી વાળાએ લીધેલ છે.

### સાંધવ ગામમાં સીમાડા વિસ્તારમાં આવેલ શ્રી પંજારાપીરની પહેડી

સાંધવ ગામમાં સીમાડા વિસ્તારમાં આવેલ શ્રી પંજારાપીરની પહેડી વાડી વિસ્તાર ચૌધરી તેમજ પંજાબી ભાઈ ઓ દ્વારા રાખવામાં આવેલ. તા. ૯.૧.૧૪ જેમાં ૫૦૦ વધારે ભાવિકો એ પહેડી પ્રસાદનોલાભ લીધેલ. તા. ૨૦.૧.૧૪ના શ્રી પંજોરા પીરૂની પહેડી નો લાભ શ્રી પ્રતાપસિંહ ગોવિંદજીએ લીધેલ. ભાવિકોએ સારી સંખ્યામાં પહેડી પ્રસાદનો લાભ લીધેલ.

### સેવક ભરૂડીયા ખોના પરિવારનો કાર્યક્રમ

સેવક ભરૂડીયા (હાલાર) ગામે બિરાજમાન ખોના પરિવારના કુળદેવી શ્રી અંબામાતાજીની ગંધી (ધોત) બદલવાનું કાર્ય તેમજ હવનનો કાર્યક્રમ ચૈત્ર સુદ - ૧૫ તા. ૧૫.૪.૧૪ ને મંગળવારના સવારે ૮.૦૦ કલાકેથી યોજાશે ભાવિકોને પધારવા વિનંતી. એમ ભુવા ધિરજલાલ ડાયાલાલ ખોના એ જણાવ્યું છે. સંપર્ક મો. ૯૮૨૫૮૭૦૯૭૪ / ૦૯૭૧૨૦૫૦૭૦૧

### અનંતછાયા રીવ્યુ પીટીશન

અનંતછાયા વેચાણ અંગેના ચુકાદાની પુનર્વિચારણા (રીવ્યુ) કરવાની ચંદ્રસેન મોમાયાની હાયકોર્ટના રજીસ્ટ્રાર સમક્ષ સુચનાઓ આપવા બાબતે તા. ૩૦મી જાન્યુઆરી ૨૦૧૪ થયેલ કાર્યવાહી પુર્ણ થયેલ છે. હવે પછી નામદાર ન્યાયમુર્તિ દ્વારા રીવ્યુ પીટીશનની સુનાવણીની ચોક્કસ તારીખ નિયત કરવા સંબંધી કાર્યવાહી થશે.

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પીયુશ લક્ષ્મીચંદ નાગડા** | બી-૩૦૩, મહાલક્ષ્મી પેલેસ, પ્લોટ નં. એન.ડી.આર. ૨૭, બિલ્ડીગ નં. ૮૩ ની સામે, તિલકનગર, ચેમ્બુર મુંબઈ - ૪૦૦ ૦૮૯ |
| **ચંદ્રેશ કરમશી ધૂલ્લા** | એ -૧૦૧, પહેલે માળે, બ્રમ્હા ટોવર, વિષ્ણુ ટાવર ની પાછળ, પી.કે.રોડ, મુલુંડ વેસ્ટ મુંબઈ ૮૦ |
| **બંકિમચંદ વેલજી લાલકા** | ૧૭૦૩, તક્ષશિલા અપાર્ટમેન્ટ, મુલુંડ લિંક રોડ, મુલુંડ (વેસ્ટ, મુંબઈ - ૮૦ |
| **વિજય લાલજી ખોના** | ૨૦૩ આમંત્રણ અપાર્ટમેન્ટ, કચેરી રોડ, પાલઘર (વેસ્ટ) ઠાણે ૪૦૧ ૪૦૪ |

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૦૧.૧૪ | મુલુંડ | કલ્પ-કોમલ/મેહુલ સુર્યકાન્ત લોડાયા | રવા | પુત્ર |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૦૧.૧૪ | નલિયા | ગૌતમ નવીન કિશોરકાંત મોતા | ઈન્દૌર | ૨૬ |
| | ઈન્દૌર | ધ્વની હરીશ પદમશી પુનશી લોડાયા | નલિયા | ૨૩ |

**આંતર જ્ઞાતીય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૧.૧૪ | માટુંગા | નિયતી સુરેન્દ્ર લક્ષ્મીચંદ નાગડા | તેરા | ૨૮ |
| | ચંદિગઢ | અજય સુરત્નપ્રાજી ભાટીયા | ચંદિગઢ | ૨૮ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૧.૧૪ | ઘાટકોપર | મણીબેન પ્રવીણચંદ્ર દામજી મોમાયા | મોઠી સિંધોડી | ૭૧ |
| ૨૫.૦૧.૧૪ | મુલુંડ | ઝવેરબાઈ હીરજી લીલાધર મોતા | જસાપર | ૭૩ |
| ૨૬.૦૧.૧૪ | બેંગલોર | ધનલક્ષ્મી વિસનજી પદમશી ધરમશી | સુથરી | ૮૫ |
| ૨૫.૦૧.૧૪ | અમલનેર | હંસાબેન રતનશી ટોકરશી લોડાયા | કોઠારા | ૭૫ |
| ૨૯.૦૧.૧૪ | સાંતાક્રુજ | પંકજ હંસરાજ શામજી લાપસીયા | દલતુંગી | ૫૪ |
| ૨૯.૦૧.૧૪ | કોચીન | પ્રેમચંદ ખેતશી લાલજી ગોસર | બારોઈ | ૭૨ |
| ૩૦.૦૧.૧૪ | અંધેરી | ચિત્રાબેન નાગશી રામજી દંડ | ભરૂડીયા | ૫૪ |

**હાર્દીક નરેશ ભવાનજી દંડ (શાહ)**
**(ગામ લાલા) મુલુંડ વેસ્ટ**
**CA (સીએ)**

**પાસ થયા અભિનંદન**

**ડો. જિગીષા કિશોર શાહ (લોડાયા)**
**B.A.M.S. ફાયનલ A ગ્રેડ**



## લગ્ન સંબંધી

**હાર્દીક હીરેન મોતા**
જન્મ તારીખ : ૧૨-૧૨-૧૯૮૪
ઉંચાઈ : ૫ ફુટ ૧૦ ઈંચ ઘઉવર્ણ
અભ્યાસ : M.B.A. (ફાયનાન્સ) ઓફીસર

**હેમાંગ હીરેન મોતા**
જન્મ તારીખ : ૧૬-૦૧-૧૯૮૧
ઉંચાઈ : ૫ ફુટ ૧૧ ઈંચ ગોરોવર્ણ
અભ્યાસ : M.C.A.

**હાલ વસવાટ : હૈદ્રાબાદ ઓડીટીંગમાં કાર્યરત છે. સારા જોબની ટ્રાય ચાલુ છે.**
**દાદાણા : લક્ષ્મીબેન ઉમરશી પીતાંબર મોતા (ઈન્દૌર) માતા - પિતા : સ્વ. હીના સ્વ. હીરેન ઉમરશી મોતા**
**ફૂઈબા - ફૂઆ : સૌ. શોભાબેન કિશોર કાયાણી (મુલુંડ)**
**સંપર્ક : કિરીટ ઉમરશી મોતા, બ્લુ ડાર્ટ, હોટેલ સુયાની પાછળ, સાઉથ ટુકો ગંજ, ઈન્દૌર ૪૫૨૦૦૧**
**મો. ૯૮૨૬૦૬૫૦૮૦**

## વેલેન્ટાઈન - ડે (૧૪મી ફેબ્રુઆરી): પ્રેમની અનુભૂતિનો દિવસ




- પ્રેમ કરવો એ કલા છે પરંતુ પ્રેમ નિભાવવો એ સાધના છે.
- સાચો પ્રેમ એક ભૂત જેવો છે. પ્રેમ વિષે બધા વાતો કરે છે પણ પ્રેમને કોઈએ નજરે જોયો નથી. પ્રેમ તો માત્ર અકે અનુભુતિ છે.
- પ્રેમ માણસને આસ્તિક બનાવી દે છે પ્રેમમાં હોય ત્યારે માણસને બધું જ સુંદર લાગે છે.
- પ્રેમમાં હોય ત્યારે માણસ બુધ્ધિથી ઓછું અને દિલથી વધુ વિચારે છે.
- પ્રેમની કબુલાત એ પ્રેમાવસ્થાની સૌથી રોમાંચકારી ઘટના છે.
- પ્રેમમાં ક્યારેક એક ક્ષણ પણ પુરતી છે ક્યારેક આખું આયખું પણ ટૂંકું પડે છે. પ્રેમમાં પૂર્ણવિરામ હોતું નથી.
- પ્રેમ એક આલ્કોહોલ કરતાં અનેકગણો માદક હોય છે. પ્રેમ એક નશો છે એટલે જ કદાચ પ્રેમીઓ ખોવાયેલાં રહેતા હોય છે.
- પ્રેમ હોય ત્યારે શ્વાસમાં પણ સંગીત સંભળાય છે અને મૌન પણ ગીતો ગાય છે.
- પ્રેમીઓ સાથે હોય ત્યારે સમય ચાલતો નથી, ઉડતો હોય છે.
- પ્રેમની રાહમાં સમય કાચબાની ગતિએ ચાલે છે અને મિલન સાથે જ કાચબો હરણ બની જાય છે.
- પ્રેમ હુંફ છે, પ્રેમ શ્રધ્ધા છે, પ્રેમ ભક્તિ છે., પ્રેમ પ્રાર્થના છે, પ્રેમ શ્વાસ છે, પ્રેમ વિશ્વાસ છે, પ્રેમ આશ છે, પ્રેમ પ્યાસ છે, પ્રેમ દાન છે, પ્રેમ વરદાન છે.
- પ્રેમ એટલે શું? જવાબ કદાચ એ જ છે કે પ્રેમ એટલે પ્રેમ, પ્રેમ અને પ્રેમ.

- સંકલન મધુકાંત વિશનજી શાહ ઘાટકોપર

## જ્ઞાતિજનશ્રી નવીનચંદ્ર દંડના ચેરમેનપદે ચાલતી બેંક ત્રણ જિલ્લાઓમાં પ્રથમ



વેરાવળ (ગીર-સોમનાથ)માં કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિજન શ્રી નવીનચંદ્ર હીરજીભાઈ દંડ (ગામ - લાલા) દરેક ક્ષેત્ર તથા સમાજમાં ખુબજ આગવું સ્થાન ધરાવે છે. તેઓ વેરાવળ શાંતિનાથજી શ્વેતાંબર મુર્તિપુજક જૈન સંઘના ઘણા વર્ષોથી પ્રમુખ છે.

અહીંની અગ્રણી બેંક ધી વેરાવળ મર્કન્ટાઈલ કો. ઓપ બેંક લિ. - વેરાવળમાં ૧૯૮૫થી ડિરેક્ટર છે. હાલમાં તેઓ બેંકના ચેરમેન પદ પર છે. તેમની કાબેલ આગેવાની હેઠળ ધી વેરાવળ મર્કન્ટાઈલ કો. ઓપ બેંક લિ. એ સમગ્ર જુનાગઢ, પોરબંદર તથા ગીર-સોમનાથ એમ ત્રણેય જીલ્લામાં પ્રથમ સ્થાન મેળવેલ છે. આ અંગે બેંકને તા. ૧૨.૧.૧૪ ના રોજ જીલ્લા સહકારી સંઘ તરફથી એવોર્ડ તથા શ્રી નવિનભાઈને વ્યક્તિગત સન્માનપત્ર મળેલ છે. આ ઉપરાંત તેઓ શહેરની અનેકવિધ સંસ્થાઓમાં સેવા આપીને સમાજને કંઈક આપવું એવી ભાવના દાખવીને કચ્છીઅતને રોશન કરે છે.


શુભેચ્છા સહ...

શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)

**UK KHMJI & CO.**

144, Vasant Market yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057

શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)




2014












OU ARE BORN
BCOZ
R MOTHER IS A
DAUGHTER

















**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ; day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## લગ્ન જીવનની ૫૧ મી વર્ષગાંઠે હાર્દિક વધામણા

લગ્ન વખતે



ખમાવંતી લક્ષ્મીચંદ લોડાયા

લગ્ન વર્ષ ગાઠ
૦૩.૦૨.૧૯૫૩
- ૦૩.૦૨.૧૪

હાલ



લક્ષ્મીચંદ કાનજી લોડાયા
મોટી સીંધોડી - બીડ

આપના જીવનમાં આપનો સંસાર બગીચો
લીલો.... ખીલતો..... ફુલતો..... મહેકતો રહે.....
એજ મંગલ કામના શુભેચ્છા .....

**પુત્ર - પુત્રવધુ :**
વંદના ભરત લોડાયા
હેમાલી અભય લોડાયા
રીટા શરદ લોડાયા

**વેવાઈ વેલા :**
કુલીનકાંત જેઠાભાઈ ખોના તેરા - પુના,
ઈશ્વરભાઈ કાનજી ખોના જખૌ - પાચોરા
જવાહરભાઈ શીવજી મોમાયા બારોઈ - રાયચુર

**પુત્રી - જમાઈ :**
હેમા તાત્સુ ધરમશી
ઉષા રાજેશ ખોના

**વેવાઈ વેલા :**
વીરચંદ કલ્યાણજી ધરમશી (સુથરી - નેરલ)
રતીલાલ વાલજી ખોના (નલિયા - માટુંગા)



વિદેશ ગમન

## ભાવેશ નવીનચંદ્ર કુંવરજી લોડાયા

(સાંયરા) હાલે ભોપાલ

કોગ્નીઝેંટ (Cognizant) કમ્પની સાથે છેલ્લા ત્રણ વર્ષથી જોડાયેલા છે. હાલમાં પ્રમોશન મેળવી લંડન (UK) બ્રાંચમાં પ્રોગ્રામર એનાલીસ્ટ (Defect Manager) પદ પર નીમાયેલ છે.

ભવિષ્યમાં ઉત્તરોતર પ્રગતિ કરે એવી હાર્દિક શુભેચ્છા.....
સા. નવીનચંદ્ર કુંવરજી વીરજી લોડાયા (સાંયરા- ભોપાલ) તથા
સ્વ. ગુલાબચંદ હંશરાજ કલ્યાણજી મોમાયા (જખૌ- જલગામ)

**પરિવાર તરફથી હાર્દિક અભિનંદન**

To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**